**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૯.૪ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૩૨ ટકા

# શહેર વસાહત મહામંડળની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ

## સે-૧૬ વસાહત મંડળની ૧૯૭૦માં સ્થાપના થઈ પછી ત્યારબાદ તબક્કાવાર સેકટરોમાં વસાહત મંડળ અસ્તિત્વમાં આવ્યા : નગરના વિકાસ તેમજ પ્રશ્નોના નિકાલ માટે મહામંડળનો સિંહફાળો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરમાં આમ નાગરિકોને સ્પર્શતા વિવિધ પ્રશ્નોના નિકાલ તેમજ સમાજસેવાની ઉમદા પ્રવૃત્તિ કરતી સંસ્થા શહેર વસાહત મહામંડળની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થયા છે. શહેરમાં સૌપ્રથમ વસાહત મંડળની શરૂઆત સે-૧૬થી કરવામાં આવી હતી. ત્યારબાદ તબક્કાવાર તમામ સેકટરમાં વસાહત મંડળની રચનાના અંતે સંસ્થાને વસાહત મહામંડળ નામાભિધાન અપાયું. નગરની શુભચિંતક આ સંસ્થા દ્વારા શહેરમાં સેવાકીય, સાંસ્કૃતિક અને ધાર્મિક પ્રવૃત્તિઓની પણ શરૂઆત કરવામાં આવી હતી. આજે ૫૦ વર્ષના અંતે પણ શહેરના વિકાસ તેમજ પડતર પ્રશ્નોના નિકાલ માટે વસાહત મહામંડળ પ્રયત્નશીલ છે.

ગાંધીનગર શહેર વસાહત મંડળના પ્રમુખ અરૂણ બુચના જણાવ્યા મુજબ, પહેલી મે ૧૯૬૦ના રોજ ગુજરાત રાજયની રચના થઈ ત્યારે કર્મચારીઓ તેમના પરિવાર સાથે મુંબઈ, પુના અને રાજકોટથી અમદાવાદ આવ્યા અને એપ્રિલ ૧૯૭૦ના છેલ્લા દસ દિવસમાં તબક્કાવાર કર્મચારીઓ તેમના પરિવાર સાથે ગાંધીનગર સ્થળાંતરિત થયા અને પ્રથમ મે ૧૯૭૦ના દિવસે ગાંધીનગરને રાજયની રાજધાની ઘોષિત કરવામાં આવી. કર્મચારીઓએ નવા અને મોકળાશભર્યા આવાસમાં વસવાટ શરૂ કર્યો. સરકારે વસાહત તો ઉભી કરી પરંતુ તે સાથે રોજબરોજની જે સમસ્યાઓ ઉપસ્થિત થાય તેના ઉકેલ માટે શહેરમાં કોઈ સેવા તંત્ર ન હતું માટે વસાહત મંડળની સ્થાપના સર્વાનુમતે અરૂણ બુચના પ્રમુખ સ્થાને તા. ૮ જુન ૧૯૭૦ના રોજ વિધિવત રીતે કરવામાં આવી. જેમાં પ્રમુખ સાથે શહેરના એચ.એમ. મોદી, નટવરભાઈ



જોશી, જગદીશ પંડયા, જે.ડી. દવે, રવિશંકર પંડયા એચ.આર.ડાભી, સૂર્યકાંત બારોટ, ભૂપેન્દ્ર પટેલ, કિરીટ દેસાઈ સહિત અનેક પદાધિકારીઓની સર્વાનુમતે વરણી કરવામાં આવી. ત્યારબાદ સે-૩૦ સુધી વસાહત મંડળોની રચના કરવાની પ્રવૃત્તિ થઈ. ત્યારના એક દસકા બાદ વર્ષ ૧૯૮૭માં નવી વસાહતોને ધ્યાનમાં રાખીને વસાહત મહામંડળની પણ રચના કરવામાં આવી. સે-૧૬ વસાહતી મંડળોની માતૃ સંસ્થા બની અને તબક્કાવાર સે-૧૭, ૨૮, ૨૯, ૩૦ અને અન્ય સેકટરોમાં વસાહત મંડળ પ્રારંભાયું.

ગાંધીનગરની તમામ પ્રવૃત્તિઓ જેમ કે સાહિત્ય સર્જકો માટે પ્રવૃત્તિ, સાંસ્કૃતિક પ્રવૃત્તિ, ધાર્મિક ઉત્સવોની ઉજવણીમાં વનીકરણ, મનોરંજન, રમતગમત, વાંચન પ્રવૃત્તિ, સામાજીક જીવન, વિવિધ ધાર્મિક તહેવારો, કથાવાંચન તથા ગાંધીનગરના રોજબરોજના રહેણાંકને લગતા પ્રશ્નો જેમ કે સેવા, સુરક્ષા, સફાઈ, પાણી, ગટર, વિજળી, તાર-ટપાલ-ટેલિફોન જેવા દરેક પ્રશ્નો અને પ્રસંગોએ તમામ સેકટરવાસીઓને નાત જાતના ભેદભાવ વગર સે-૧૬ વસાહત મંડળ દ્વારા સાથ સહકાર પૂરો પાડવામાં આવ્યો.

ગાંધીનગરમાં પ્રથમ કવિ સંમેલન, પ્રથમ નવરાત્રી ગરબો, સામુહિક હવન, સે-૧૬ રંગમંચ, જયારે શહેર ૧૯૯૫માં વિશ્વનું હરિયાળુ શહેર ઘોષિત થયું આ ઉપરાંત મીની જીમખાનાનો પ્રારંભ, બાલ્કન જી બારીનો પ્રારંભ, પાંડુરંગ શાસ્ત્રીના સ્વાધ્યાય, પ્રમુખ સ્વામી તથા યોગીજી મહારાજની પધરામણી, બ્રહ્માકુમારીઝનો પ્રારંભ, અંગ્રેજી માધ્યમની ઉચ્ચ માધ્યમિક શાળા, અભ્યાસ અર્થે અમદાવાદ જતા વિદ્યાર્થીઓની બસભાડાની વ્યવસ્થા જરૂર જણાયે નિઃશુલ્ક એમ્બ્યુલન્સ વ્યવસ્થા, જેવી અનેક પ્રવૃત્તિઓની પ્રથમ શરૂઆત ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા કરવામાં આવી હતી. હાલમાં પણ સે-૧૬ વસાહત મંડળ કાર્યરત છે. શહેરીજન રશ્મિનભાઈ, ભાનુભાઈ, રવિભાઈ તથા અન્ય વેપારી મિત્રો વ્યવસ્થાનું સંચાલન કરી પરંપરાનું જતન કરી રહ્યા છે તેમ વસાહત મંડળના પ્રમુખ અરૂણ બુચ દ્વારા જણાવાયું હતું.



પૃથ્વીના વાતાવરણમાં જેમ દરેક મૌસમની અલગ અલગ અગત્યતા છે અને પ્રકૃતિના સંતુલન માટે દરેક ઋતુ તેનું આગવું મહત્વ ધરાવે છે તેમ સમાજજીવનમાં દરેક સીઝનની અલગ જ વિશેષતા જોડાયેલી છે અને ખાસ કરીને સીઝનેબલ ચીજવસ્તુઓનો વેપાર કરતા ફેરિયાંઓ માટે તો વાતાવરણમાં આવતા દરેક પરિવર્તન પેટીયું રળવાની નવી તક છે. જો કે આ વર્ષે ગાંધીનગરમાં વરસાદ રીસામણે થયો હોવાથી ચોમાસાને અનુલક્ષીને કરવા ધારેલો છત્રીનો વેપાર ઠપ્પ થઈને પડયો હતો. અંતે, મેઘમહેરની શરૂઆત થતાં તેમાં પણ ઘરાકી ખુલવા લાગી છે જે આકાશી રીમઝીમ કરતાં પણ વધુ ઠંડક વેપારીઓને પહોંચાડશે.

## સેકટર-૨૪ આદર્શનગરમાં બે ભાઈઓ પર ચેનલ ઓપરેટરનો હુમલો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ ખાતે ટીવીની ચેનલ બંધ થઈ જવાની સામાન્ય બાબતે બે ભાઈઓ પર ચેનલ ઓપરેટર સહિત ચાર શખ્સોએ હુમલો કર્યો હતો. બંન્ને ભાઈઓને લોખંડની પાઈપ અને ધોકા વડે માર મારતા સમયે વચ્ચે બચાવવા પડેલા યુવકના માતાને પણ ગળદાપાટુનો માર માર્યો હતો. તો સામે પક્ષે હુમલાનો ભોગ બનેલા બંન્ને ભાઈઓ સામે પણ જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવા પામી છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

સેકટર-૨૪ આદર્શનગરમાં રહેતા વિશ્વરાજસિંહ દિલિપસિંહ વાઘેલા ઉં.વ.૨૧ ની ફરીયાદ મુજબ રવિવારે ઘરમાં ટીવી ચેનલ બંધ થઈ જતા ઓપરેટર દુષ્યંતભાઈ રાઓલે સરખો જવાબ આપ્યો ન હતો. સાંજે નાનાભાઈ સાથે નીકળેલા ફરીયાદી સાથે ખ-૫ પાસે થોડી માથાકુટ થઈ હતી. ત્યારબાદ છ વાગ્યા બાદ દુષ્યંતસિંહ રાઓલ, સોહિલ મલેક ( રહે. સે-૨૪) તેમજ બીજા બે અજાણ્યા શખ્સો ફરીયાદીના ઘરે આવ્યા હતા. તેઓએ ચેનલ અંગે ઝઘડો કરી અમારી ચેનલ બંધ રહેશે થાય તે કરી લે કહીને અપશબ્દો બોલ્યા હતા. જેને પગલે ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા દુષ્યંતે સિંહે પોતાના હાથમાં રહેલો ધોકો ફરીયાદીને ખભા પર માર્યો હતો. જયારે સોહિલે લોખંડની પાઈપ માથામાં મારી દીધી હતી. મારામારી સમયે બચાવવા માટે વચ્ચે પડેલા ફરીયાદીના નાના ભાઈ કુલદિપસિંહને અને તેના માતાને પણ અન્ય બે શખ્સોએ ગડદાપાટુનો માર માર્યો હતો. જો કે આસપાસના વસાહતીઓ એકઠા થઈ થઈ જતા તેઓ ત્યાંથી ભાગી ગયા હતા.

તો સામે પક્ષે સોહિલ મલેક દ્વારા પણ ફરીયાદ નોંધાઈ છે જેમાં સોહિલ અને દુષ્યંતસિંહ ચેનલની સમસ્યા હલ કરવા માટે વિશ્વરાજને ઘરે ગયા હતા. ત્યારે તે ગુસ્સે થઈ ગયો હતો અને ગાળો બોલવા લાગ્યો હતો. તેણે બંન્ને સાથે ઝપાઝપી કરીને સોહિલને મોઢા પર મુક્કો માર્યો હતો. આ સમયે કુલદિપસિંહે પણ તેને ગળદાપાટુનો માર માર્યો હતો. સ્થાનિક વસાહતીઓએ વચ્ચે પડીને તેઓને છોડાવતા બંન્ને ભાઈઓએ ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. સેકટર-૨૧ પોલીસે બંન્ને પક્ષોની ફરીયાદ લઈ તપાસ શરુ કરી છે.

## સે-૧૩-બીમાં રહેણાંક વિસ્તારમાં પાણી ભરાવાની સમસ્યાથી નાગરિકો ત્રસ્ત

ગાંધીનગર, તા.૨૯

આખરે ગાંધીનગરમાં મેઘ મહેરની શરૂઆત થઈ, જો કે હજુ જોઈએ તેવી વરસાદી રમઝટ જામતી નથી પરંતુ આટલા વરસાદમાં પણ શહેરના કેટલાક રહેણાંક વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા માથું ઉંચકવા લાગી છે. શહેરના સેકટર-૧૩-બીમાં સામાન્ય વરસાદમાં પણ પાણીનો ભરાવો થવો સામાન્ય બાબત બની ગઈ છે અને જો વરસાદ થોડો વધુ પડી જાય તો રહીશોને અઠવાડિયા કે તેથી વધુ દિવસ માટે વૈતરણી પાર કરીને જ અવર જવર કરવી પડે તેવી સ્થિતિ સર્જાય છે.

સેકટર-૧૩-બીમાં ખાનગી પ્લોટ વિસ્તારમાં સામાન્ય વરસાદમાં પણ રહીશોના ઘર આગળ પાણીના ભરાવાની સમસ્યા સર્જાય છે જેના કારણે નાગરિકોને પાણીમાં ચાલીને અવર જવર કરવી પડે છે. જો વરસાદ વધુ આવે તો દિવસોના દિવસો સુધી પાણીનો ભરાવો રહે છે જે રોગજન્ય જીવાણુઓ જેવા કે માખી-મચ્છર વગેરેના ઉપદ્રવ સાથે ગંદકી વધારે છે. આ સ્થિતિ અંગે પ્રાઈવેટ પ્લોટ વસાહત મંડળ દ્વારા અનેકવાર તંત્રમાં રજુઆત કરવા છતાં આ સમસ્યાનો ઉકેલ લાવવામાં આવતો નથી જેના કારણે રહીશો પરેશાનીનો ભોગ બની રહ્યા છે. જો સત્વરે આ સમસ્યા ઉકેલવામાં નહીં આવે તો સેકટર-૧૩બીના રહીશોને ઉગ્ર લડતનો સહારો લેવો પડશે તેવી ચિમકી પણ વસાહતીઓ દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

## જળ વ્યવસ્થા અને વિતરણમાં સરકાર નિષ્ફળ ગઈ હોવાનો એકરાર સત્યથી વેગળો : મુખ્યમંત્રીના સલાહકાર

'વૉટર ડિસ્ટ્રીબ્યુશનમાં રાજય સરકાર સદંતર નિષ્ફળ રહી છે : કોંગ્રેસ' તેવા મથાળા હેઠળ અખબારમાં પ્રકાશિત થયેલ અહેલવામાં મુખ્યમંત્રીના સલાહકાર જળનિષ્ણાંત ઈજનેરે જણાવ્યું હતું કે 'ભાજપ સરકારે છેલ્લા પંદર વર્ષ પાણી પુરવઠા માટે ખર્ચાયેલા કરોડો રૂપિયા પાણીમાં ગયા અને ગુજરાતની ભાજપ સરકાર જળવ્યવસ્થા અને જળ વિતરણમાં સદંતર નિષ્ફળ ગઈ છે.' પ્રકાશિત થયું હતું જેને મુખ્યમંત્રીના સલાહકાર બાબુભાઈ નવલાવાલા દ્વારા રદિયો આપવામાં આવ્યો છે. તેમણે આ પ્રકારની વાત કે નિવેદન અથવા અભિપ્રાય વ્યકત કર્યો નથી તેવું જણાવતા અહેવાલને પાયા વિહોણો અને સત્યથી વેગળો હોવાનું જણાવ્યું છે.





## સે-૨૩, સ્વામિનારાયણ મંદિરમાં વિવિધ અદભૂત હિંડોળા દર્શન

સે-૨૩, સ્વામિનારાયણ મંદિરમાં ચાલીસ વર્ષથી શ્રદ્ધા ભક્તિના સમન્વય સાથે વિવિધ કલાકૃતિના હિંડોળામાં ભગવાનને ઝુલાવાય છે. મંદિરનાં સંતો અને હરિભક્તો દ્વારા કોઈ પણ કારીગરની મદદ વિના હિંડોળા તૈયાર કરવામાં આવે છે. હિંડોળાનાં દર્શન કરવા મોટી સંખ્યામાં ભક્તો આવતા હોય છે. વિવિધ કલાકૃતિનાં હિંડોળામાં બિરાજમાન પ્રભુના અદભૂત દર્શન થઈ રહ્યાં છે. હિંડોળા દર્શનનો સમય દરરોજ સાંજે ૫ થી ૮-૧૫ સુધી રાખવામાં આવેલ છે.

## આત્મન ફાઉન્ડેશન દ્વારા લવારપુર પ્રાથમિક શાળા અને સે -૧૩ ની શ્રમજીવી વસાહતનાં બાળકોને શિક્ષણ સામગ્રી ભેટ અપાઈ

ગાંધીનગર, તા.૨૯

આત્મન ફાઉન્ડેશન દ્વારા એક સરકારી શાળાઓના બાળકોને પ્રોત્સાહિત કરવાનાં ભાગરૂપે અભિયાનની જેમ શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કાર્ય કરવામાં આવી રહ્યું છે. સંસ્થા દ્વારા તાજેતરમાં ગાંધીનગર નજીકના ગામ લવારપુરની ૧૨૧ વર્ષ જૂની સરકારી પ્રાથમિક શાળાની મુલાકાત લઈ ધોરણ ૧ થી ૮ નાં ૧૬૮ જેટલાં બાળકોને નોટબુક, ચોપડા, પેન, પેન્સિલ, રબર, શાર્પનર વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના સહયોગી પ્રજ્ઞાબેન પટેલ, અશોકભાઈ ત્રિવેદી અને મિલન સિંધવ દ્વારા બાળકો સાથે સામાન્ય જ્ઞાન અંગેની રસપ્રદ પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી. બાળકોએ ખૂબ



રસથી જવાબો આપ્યાં હતાં. શાળાના આચાર્ય નીતિનભાઈ પટેલ અને શિક્ષકો કૈલાસબેન પટેલ, હંસાબેન પટેલ, જગૃતિબેન સુથાર વગેરેએ સરસ સહયોગ આપ્યો હતો.

રવિવારની સવારે સંસ્થા તરફથી સેકટર - ૧૩ ની શ્રમજીવી વસાહતનાં બાળકો સાથે સુંદર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બાળકોને સ્લીપર, શૈક્ષણિક સામગ્રી તથા બિસ્કીટ્નું વિતરણ કરવામાં આવ્યું હતું.

એચ. બી. વરિયા અને પ્રજ્ઞાબેન પટેલે બાળકોને વિવિધ મહાનુભાવોના જીવનની પ્રેરક વાતો કરી નિયમિત શાળાએ જવા, રોજ લેશન કરવા, સારી ટેવો કેળવવા, જીવનમાં આગળ વધવા ખૂબ મહેનતથી અભ્યાસ કરવા શીખ આપી હતી. આ પ્રસંગે દિવ્યાબેન વરિયા, સવિતાબેન માછી અને કપીલાબેન માછી, જડીબેન વગેરે વિતરણમાં જોડાયા હતાં.

## દશામા વ્રત નિમિત્તે માતાજીના ગરબા યોજાશે

ગાંધીનગર, તા.૨૯

દશામા યુવક મંડળ સે-૨૪ દ્વારા તા. ૧ ઓગષ્ટથી ૧૦ ઓગષ્ટ દરમિયાન દશામા વ્રત નિમિત્તે રાત્ર ૯ કલાકે માતાજીનો ગરબો યોજાશે. જે સે-૨૪, જ-૧, બ્લોક નં. ૪ પાસે દશામાના મંદિરે યોજાનાર છે. દરરોજ આરતીનો સમય ૮.૩૦નો રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત દશામાના જાગરણના દિવસે મેનાકલા વૃંદના રાસ-ગરબા પણ યોજાશે. મંડળના રમેશ રમકડુ દ્વારા શહેરીજનોને દર્શનનો લાભ લેવા જણાવાયું છે.

## સરઢવના મહિલા સરપંચે બે સભ્યો સામે જાનથી મારી નાંખવાની ફરીયાદ નોંધાવી

ગાંધીનગર, તા.૨૯

સરઢવ ગામમાં ચાલી રહેલા વિકાસના કામમાં રોડા નાંખી કામ અટકાવવાનું કહીને બે સભ્યોએ ગામના મહિલા સરપંચને અપશબ્દો બોલીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેને પગલે પેથાપુર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં આવેલી રાધે રેસીડેન્સી ખાતે રહેતા અને મુળ સરઢવના સરપંચ ઉષાબેન મનુભાઈ પટેલે પેથાપુર પોલીસમાં નોંધાવેલી ફરીયાદ મુજબ ગતા.૧૮ જુલાઈના રોજ ગામના ઠાકોર વાસમાં સીસી રોડનું કામ ચાલી રહ્યું હતું તેથી સરપંચ સ્થળ પર હાજર હતા. તે સમયે પંચાયતના સભ્યો દિલિપભાઈ કાંતિભાઈ પટેલ અને કનુભાઈ બાબુભાઈ પટેલ ત્યાં આવી પહોંચ્યા હતા અને કામ રોકવા માટે કહ્યું હતું. જેને પગલે સરપંચે ગામના વિકાસનું કામ નિયમ મુજબ થશે તેમ કહેતા તેઓ બંન્ને ઉશ્કેરાઈ ગયા હતા અને અપશબ્દો બોલ્યા હતા. ઉષાબેને વિવેક રાખીને વાત કરવાનું કહેતા બંન્ને જણા ઉશ્કેરાઈને મારવા માટે ધસી ગયા હતા. તે સમયે ગામના એક નાગરીક વચ્ચે પડતા હતા અને સરપંચને બચાવ્યા હતા. પંચાયતના બંન્ને સભ્યો જતા જતા કહી રહ્યા હતા કે આજે તો તુ બચી ગઈ છે,પરંતુ મોકો મળતા તને જીવતી છોડીશુ નહી. સરઢવના સરપંચ ઉષાબેન પટેલ દ્વારા પેથાપુર પોલીસ મથકમાં પંચાયતના બંન્ને સભ્યો સામે અપશબ્દો બોલી તેઓને તેમજ તેમના પતિને જાનથી મારી નાંખવાની ધમકી ની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## આજે ગાંધીનગરમાં

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ દરમિયાન ફિરોજી ઘટાના હિંડોળાના દર્શન યોજાશે.

● સ્વામિનારાયણ મંદિર, સે-૨૩ ખાતે સાંજે ૫ થી ૮.૧૫ દરમિયાન ફુલોની સજાવટના હિંડોળાના દર્શન યોજાશે.

● રાજયભરના ટાટ પાસ ઉમેદવારો સવારે ૧૦ કલાકે સત્યાગ્રહ છાવણી ખાતે એકત્રિત થશે.

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા અષાઢ માસની શિવરાત્રી નિમિત્તે સાંજે ૫.૩૦ કલાકે સે-૨૧ સ્થિત વૈજનાથ મહાદેવ મંદિર ખાતે રૂદ્રાભિષેક યોજાશે.

## મુવી હાઉસ

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

● **જજમેન્ટલ હૈ કયા**
૯.૪૫, ૧૨,૪૦, ૩.૦૦, ૫.૩૫, ૮.૧૦, ૧૦.૪૫

● **અર્જુન પટિયાલા**
૯.૧૫, ૫.૦૦, ૧૦.૦૦

● **ધૂનકી (ગુજરાતી)**
સાંજે ૬.૧૫ કલાકે

● **ડીયર કોમરેડ (તેલુગુ)**
સાંજે ૭.૨૦ કલાકે

● **ધ લાયન કિંગ**
(૨-ડી હિન્દી) સવારે ૧૧.૫૦ કલાકે અને (૩-ડી હિન્દી) ૯.૩૦, ૨.૪૫, ૫.૨૦, ૭.૫૫, ૧૦.૩૦

● **ચાસની** (ગુજરાતી)
બપોરે ૨.૧૫ કલાકે

● **સુપર-૩૦**
૯.૨૦, ૧૨.૨૫, ૩.૧૦, ૬.૫૫, ૯.૦૦, ૧૦.૦૦

● **સ્પાઈડર મેન ફાર ફોર્મ હોમ** (૩ડી હિન્દી) બપોરે ૧૨.૧૫ કલાકે

● **આર્ટીકલ ૧૫**
સવારે ૧૧.૩૫ કલાકે

● **કબીરસિંહ**
૯.૧૫, ૩.૩૦

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

● **જજમેન્ટલ હૈ કયા**
૯.૨૫, ૧૦.૨૫, ૧૧.૫૫, ૨.૩૦, ૩.૫૦, ૫.૦૫, ૭.૪૦ ૯.૧૫, ૧૦.૧૫

● **અર્જુન પટિયાલા**
૧૦.૨૦, ૧૨.૪૫, ૪.૩૫, ૧૦.૨૫

● **ધૂનકી (ગુજરાતી)**
સાંજે ૬.૨૫ કલાકે

● **ડીયર કોમરેડ (તેલુગુ)**
સાંજે ૭.૦૦ કલાકે

● **ધ લાયન કિંગ**
(૩-ડી હિન્દી) ૯.૧૫, ૧૧.૪૫, ૨.૧૫, ૪.૫૦, ૭.૨૫, ૧૦.૦૦

● **ચાસની** (ગુજરાતી)
બપોરે ૧.૦૦ કલાકે

● **સુપર-૩૦**
૧૦.૧૫, ૧.૨૫, ૩.૧૦, ૬.૨૦, ૯.૩૦

## સે-૧૬ બ્રહ્મભવન ખાતે શિવકથા યોજાશે

શ્રાવણમાસના પ્રથમ દિવસ તા. ૨ ઓગષ્ટથી ૮ ઓગષ્ટ દરમિયાન ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે સાત દિવસીય શિવકથાનું આયોજન બપોરે ૨.૩૦ થી ૬.૩૦ દરમિયાન સે-૧૬ સ્થિત બ્રહ્મભવન ખાતે કરવામાં આવ્યું છે.

છેલ્લા સત્તર વર્ષથી સમગ્ર ગુજરાતમાં સુંદરકાંડ પાઠ થકી લોકચાહના મેળવનાર ગાંધીનગરના યુવા કથાકાર ગોસ્વામી સંજય ભારતીની વ્યાસપીઠે શિવકથા સે-૧૬ બ્રહ્મભવન ખાતે યોજાશે. શિવકથા સમિતિ દ્વારા કથાનું લાઈવ પ્રસારણ હિન્દુ ધર્મનો પ્રચાર થાય તે અર્થે કરવામાં આવ્યો છે. જે લક્ષ્ય ટીવી ચેનલ પરથી પ્રસારિત થશે. કથા વિરામ બાદ ભોજન પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થા દ્વારા જાહેર જનતાને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## ચિરવિદાય

● સ્વ. રાવત સંગીતાબેન શીવબાલક, ઉ.વ. ૩૨
● સ્વ. ઠાકોર ચંપાબેન અમરાજી, ઉ.વ. ૮૫